Extra No. 430

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **SATURDAY, DECEMBER 6, 2025 / AGRAHAYANA 15, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

આમુખ:

(૧) ચીફ ઓફિસરશ્રી હિંમતનગર નગરપાલિકાના તા.૧૩/૧૨/૨૦૨૨ના પત્ર ક્રમાંક:હિંનપા/બા.કા/૩૨૫૪/૨૦૨૨

(૨) પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠા, હિંમતનગરના તા.૦૧/૧૨/૨૦૨૫ના પત્ર ક્રમાંક:ટ્રાફિક/રેલ્વે ફાટક/જાહેરનામું ચાલુ/અભિપ્રાય/૨૨૦૨/૨૦૨૫

(૩) ચીફ ઓફિસરશ્રી હિંમતનગર નગરપાલિકાના તા.૨૪/૧૧/૨૦૨૫ના પત્ર જા નં.હિંનપા/બાં.કા./૫૧૫૮/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી), ૩૩(૧)(સી) અન્વયે વાહનવ્યવહાર નિયમન અંગેનું

નં.પી.ઓ.એલ.-૨/હિંમતનગર નગરપાલિકા/રસ્તો/ડાયવર્ઝન/જાહેરનામું/વશી/૧૭૭૧/૨૦૨૫.-આમુખ-(૧)ના પત્રથી ચીફ ઓફિસરશ્રી હિંમતનગર નગરપાલિકા ધ્વારા ફાટક મુકત ગુજરાત અભિયાન હેઠળ હિંમતનગર નગરપાલિકા વિસ્તાર ખાતે આવેલ ફાટક નં. LC-82 ઉપર રેલ્વે ઓવર બ્રિજ મંજુર થયેલ છે. જેની કામગીરી ગુજરાત શહેરી વિકાસ કંપની લી.ધ્વારા ટુંક સમયમાં શરૂ થયેલ હોઈ તે માટે ટ્રાફીક ડાયવર્ઝન કરવા વિનંતી કરેલ હતી. જે અનુસંધાને અત્રેથી જરૂરી જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે જાહેરનામાની અવધિ તા.૨૬/૧૧/૨૦૨૫ના રોજ પૂર્ણ થયેલ હોઈ તેમજ રેલ્વે ઓવર બ્રિજનું બનાવવાનું કામ ચાલુમાં હોઈ ચીફ ઓફિસરશ્રી, હિંમતનગર નગરપાલિકા ધ્વારા આમુખ-(૩)ના પત્રથી સદર જાહેરનામું લંબાવવા માટે રજુઆત કરેલ છે.

આમુખ-(૨)ના પત્રથી પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠા-હિંમતનગર ધ્વારા હિંમતનગર નગરપાલિકા વિસ્તાર ખાતે આર.ઓ.બી. બનાવવાની કામગીરી દરમ્યાન જાહેર જનતાને ટ્રાફિક સમસ્યા ન ઉદભવે તે રીતે યોગ્ય રૂટ ડાયવર્ઝન આપવામાં આવે તો કોઈ વાંધા સરખુ ન હોવાનું જણાવેલ છે.

વાસ્તે, હિંમતનગર નગરપાલિકા વિસ્તાર ખાતે આવેલ ફાટક નં.LC-82 ઉપર રેલ્વે ઓવર બ્રિજ બનાવવાનું કામ ચાલુમાં હોઈ ફાટક નં.LC-82 વાળો રસ્તો બંધ કરી નીચે દર્શાવેલ વૈકલ્પિક રસ્તાના ઉપયોગ માટે અત્રેથી પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામું લંબાવવું આવશ્યક જણાય છે. જેથી ફાટક નં.LC-82 ઉપર રેલ્વે ઓવર બ્રિજની કામગીરી શરૂ થયેથી નીચે દર્શાવેલ વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

સબબ, હું લલિત નારાયણ સિંઘ સાંદુ (આઈ.એ.એસ.) કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩ (૧) (બી) તથા ૩૩ (૧) (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું.

-:: જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર વૈકલ્પિક રૂટ ::-

બંધ કરવાનો રસ્તો	તે માટેનો વૈકલ્પિક રસ્તો
આ હિંમતનગર નગરપાલિકા વિસ્તાર ખાતે આવેલ ફાટક નં. LC-82 વાળો રસ્તો	પાંચબત્તીથી ટાવર સર્કલ થઈ ઓવર બ્રીજથી મહાવીરનગર તરફ જવાનો રસ્તો

-:: જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો ::-

આ હુકમ તા. ૫/૧૨/૨૦૨૫ના કલાક ૦૦-૦૦ થી તા.૩/૦૬/૨૦૨૬ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે. (બંને દિવસો સહિત ૧૮૦ દિવસો માટે)

- :: જાહેરનામા મુજબ પ્રતિબંધિત કૃત્યો ::-

પ્રતિબંધિત વિસ્તારમાં તમામ પ્રકારના વાહનો તેમજ રાહદારીઓની અવર-જવર ઉપર પ્રતિ ફરમાવવા હુકમ કરવામા આવે છે .

-:: જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ ::-

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

નગરપાલિકા હિંમતનગર ધ્વારા પ્રતિબંધિત વિસ્તાર તેમજ વૈકલ્પિક રૂટ અંગેના જરૂરી સાઈન બોર્ડ લગાવવાના રહેશે.

આજ તા.૪ થી ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ,
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

આમુખ:

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, (રાજ્ય) માર્ગ અને મકાન વિભાગ, સા.કાં.ના તા. ૧૭/૧૧/૨૦૨૫ના પત્ર નં.પીબી/૪૬૯૫/૨૦૨૫

(૨) પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાના તા.૦૪/૧૨/૨૦૨૫ના પત્ર ક્રમાંક:ટ્રાફિક/ભારે વાહન/જાહેરનામું/અભિપ્રાય/૨૨૨૦/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી),૩૩(૧)(સી) અન્વયે વાહન વ્યવહાર નિયમન અંગેનું.

નં.પી.ઓ.એલ.-૨/રસ્તો/ડાયવર્ઝન/જાહેરનામું/વશી/૧૭૭૨/૨૦૨૫.-આમુખ-(૧)ના પત્રની વિગતે પ્રાંતિજ હરસોલ રસ્તાને ચારમાર્ગીયકરણનું કામ હાલ પ્રગતિમાં હોઇ સદર રોડ પ્રાંતિજ શહેરી વિસ્તારમાંથી પસાર થતો હોઇ અને સદર રસ્તા પર સ્કુલો તેમજ સરકારી કચેરીઓ આવેલ હોઇ દિવસ દરમ્યાન ત્યાંથી ભારે વાહનો પર પ્રતિબંધ કરવો જરૂરી હોઇ છ માસ સુધી પ્રાંતિજ હરસોલ રસ્તો ટ્રાફિક માટે બંધ કરી જણાવેલ વૈકલ્પિક રૂટ મુજબ ટ્રાફિક ડાયવર્ટ કરવા અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે .

આમુખ-(૨)થી પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાના અભિપ્રાય મુજબ કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટીને ધ્યાને લઈને જાહેર જનતાને ટ્રાફિક સમસ્યા ન ઉદભવે તે રીતે યોગ્ય રૂટ ડાયવર્ઝન આપવામાં આવે તો વાંધા સરખુ નથી, તેમ જણાવેલ છે.

વાસ્તે, પ્રાંતિજ હાઇવે ત્રણ રસ્તા તરફથી પ્રાંતિજ રેલ્વે રોડ થઈ વાવડી ચોકડી તલોદ તરફ તથા વાવડી ચોકડી તલોદ તરફથી પ્રાંતિજ રેલ્વે સ્ટેશન રોડ થઈ પ્રાંતિજ હાઇવે ત્રણ રસ્તા તરફ ભારે વાહનોની અવર-જવર બંધ કરવા સંબંધે અત્રેથી જાહેરનામું પ્રસિધ્ધ કરવું આવશ્યક જણાય છે. જેથી નીચે દર્શાવેલ વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

સબબ, હું લલિત નારાયણ સિંઘ સાંદુ(આઈ.એ.એસ.) કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩ (૧) (બી) તથા ૩૩ (૧) (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું.

-:: જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર અને વૈકલ્પિક રસ્તાનો રૂટ ::-

ક્રમ	પ્રતિબંધિત રૂટ	વાહનનો પ્રકાર	વૈકલ્પિક રૂટ
૧	પ્રાંતિજ હાઈવે ત્રણ રસ્તા તરફથી પ્રાંતિજ રેલ્વે રોડ થઈ વાવડી ચોકડી તલોદ તરફ	ભારે વાહનો માટે	પ્રાંતિજ હાઈવે ત્રણ રસ્તાથી સલાલ ચોકડી, સોનાસણ, રામપુરા ચોકડી થઈ વાવડી ચોકડી તલોદ તરફ
૨	વાવડી ચોકડી તલોદ તરફથી પ્રાંતિજ રેલ્વે સ્ટેશન રોડ થઈ પ્રાંતિજ હાઈવે ત્રણ રસ્તા તરફ	ભારે વાહનો માટે	તલોદ વાવડી ચોકડી તરફથી રામપુરા ચોકડી થઈ સોનાસણ, સલાલ ચોકડી થઈ પ્રાંતિજ તરફ

-:: જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો ::-

આ હુકમ તા.૦૫/૧૨/૨૦૨૫ના ૦૦:૦૦ કલાકથી થી તા.૦૩/૦૬/૨૦૨૬ના ૨૪:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

- :: જાહેરનામા મુજબ પ્રતિબંધિત કૃત્યો ::-

પ્રતિબંધિત વિસ્તારમાં ભારે વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરવામા આવે છે .

-::જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ::-

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, (રાજ્ય) માર્ગ અને મકાન વિભાગ, સા.કાં. ધ્વારા પ્રતિબંધિત વિસ્તાર તેમજ વૈકલ્પિક રૂટ અંગેના જરૂરી સાઈન બોર્ડ લગાવવાના રહેશે.

આજ તા. ૪થી ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ,
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા, હિંમતનગર

આમુખ:

(૧) મુખ્ય અધિકારીશ્રી તલોદ નગરપાલિકાના તા.૧૨/૧૧/૨૦૨૫ના પત્ર ક્રમાંક:તનપા/આર.ઓ.બી/૭૪૯/૨૦૨૫ અને તા.૦૩/૧૨/૨૦૨૫ના પત્ર નં.તનપા/આર.ઓ.બી/૮૧૩/૨૦૨૫

(૨) પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠા, હિંમતનગરના તા.૦૪/૧૨/૨૦૨૫ના પત્ર ક્રમાંક::ટ્રાફિક/રેલ્વે ફાટક/ ડાયવર્ઝન/અભિપ્રાય/ ૨૦૨૧/ ૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી),૩૩(૧)(સી) અન્વયે વાહન વ્યવહાર નિયમન અંગેનું.

નં.પી.ઓ.એલ.-૨/તલોદ નગરપાલિકા/રસ્તો/ડાયવર્ઝન/જાહેરનામું/વશી/૧૭૭૩/૨૦૨૫.-આમુખ-(૧)ના પત્રથી મુખ્ય અધિકારીશ્રી તલોદ નગરપાલિકા ધ્વારા તલોદ નગરપાલિકા વિસ્તારમાં આવેલ LC-53T પર ગુજરાત શહેરી વિકાસ મિશન કંપની-ગાંધીનગરના નેજા હેઠળ રેલ્વે ઓવરબ્રીજની કામગીરી હાલ પ્રગતિમાં છે. જે માટે ટ્રાફિક ડાયવર્ઝન કરવા અંગે જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે અને વૈકલ્પિક રસ્તા તરીકે પ્રાંતિજ હાઈવે ત્રણ રસ્તાથી સલાલ ચોકડી-સોનાસણ-રામપુરા ચોકડી થઈ વાવડી ચોકડી તલોદ તરફ ભારે વાહનોનું ડાયવર્ઝન આપવામાં આવે તો વાંધા સરખુ નથી. તેમ જણાવેલ છે.

આમુખ-(૨)ના પત્રથી પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠા-હિંમતનગર ધ્વારા તલોદ નગરપાલિકા વિસ્તાર ખાતે આવેલ ફાટક નં.૫૩ (ટી) બંધ કરવામાં આવે તો સ્થાનિકો, રાહદારીઓ વાહનોના અવર-જવર તેમજ કાયદો વ્યવસ્થાની જાળવણી સારૂ નીચે મુજબનો વૈકલ્પિક રૂટ પસંદ કરવા અભિપ્રાય આપેલ છે.

વાસ્તે, તલોદ નગરપાલિકા વિસ્તાર ખાતે આવેલ ફાટક નં.૫૩ (ટી) ઉપર ગુજરાત શહેરી વિકાસ મિશન કંપની-ગાંધીનગરના નેજા હેઠળ

રેલ્વે ઓવરબ્રીજની કામગીરી હાલ પ્રગતિમાં હોઇ ફાટક નં.૫૩ (ટી) વાળો રસ્તો બંધ કરી નીચે દર્શાવેલ વૈકલ્પિક રસ્તાના ઉપયોગ માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવું આવશ્યક જણાય છે. જેથી ફાટક નં.૫૩ (ટી) ઉપર રેલ્વે ઓવર બ્રિજની કામગીરી શરૂ થયેથી નીચે દર્શાવેલ વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

સબબ, હું લલિત નારાયણ સિંઘ સાંદુ (આઈ.એ.એસ.) કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (બી) તથા ૩૩ (૧) (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું.

-:: જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર વૈકલ્પિક રૂટ ::-

તલોદ નગરપાલિકા વિસ્તાર ખાતે આવેલ ફાટક નં.૫૩ (ટી) વાળો રસ્તો

-:: વૈકલ્પિક રસ્તાનો રૂટ ::-

ભારે વાહનોની અવર જવર માટે ડાયવર્ઝન આપી વૈકલ્પિક રસ્તાની વિગત:-

(૧) સવાર કલાક ૦૫/૦૦ થી રાત્રિના કલાક ૨૨/૦૦ સુધી અમદાવાદ-ગાંધીનગર મજરા ચોકડી થઇ તલોદ ધનસુરા તરફ આવતા ભારે વાહનો મજરા ચોકડી થી પ્રાંતિજ-સલાલ-સોનાસણ-રામપુરા થઇ વાવડી ચોકડી થઇ હરસોલ ચોકડી થઇ ધનસુરા તરફ જશે અથવા અમદાવાદ-ગાંધીનગર-દહેગામ-રખિયાલ હરસોલ તરફ જશે અને (રાત્રિના ૨૨/૦૦ થી સવાર કલાક ૦૫/૦૦ સુધી સદર ભારે વાહનો મજરા ચોકડીથી મહિયલ ચોકડીથી થઇ મહિયલ કોલેજ,કેશરપુરા પાટીયા થઇ ટી.આર.ચોકડી તરફ જશે.)

(૨) સવાર કલાક ૦૫/૦૦ થી રાત્રિના કલાક ૨૨/૦૦ સુધી ધનસુરાથી તલોદ થઈ ગાંધીનગર -અમદાવાદ તરફ જતા ભારે વાહનો હરસોલ ચોકડી-વાવડી ચોકડી-રામપુરા-સોનાસણ-સલાલ-પ્રાંતિજ થઇ ગાંધીનગર - અમદાવાદ તરફ જશે અથવા હરસોલ ચોકડીથી રખિયાલ-દહેગામ થઇ ગાંધીનગર-અમદાવાદ તરફ જશે અને (રાત્રિના ૨૨/૦૦ થી સવાર કલાક ૦૫/૦૦ સુધી સદર ભારે વાહનો ટી.આર.ચોકડી થઇ લેભોર ચોકડી થઇ મહિયલ કોલેજ-મહિયલ ગામ થઇ મહિયલ ચોકડી થઇ મજરા તરફ જશે.)

૩) તલોદ એ.પી.એમ.સી.માં ખેત પેદાશો લઇ પ્રવેશતા ભારે વાહનો તથા નાના વાહનો તલોદ ટાવર વાળા મુખ્ય દરવાજાનો ઉપયોગ કરશે જ્યારે તલોદ એ.પી.એમ.સી.માંથી માલ ભરેલ ભારે વાહનો તથા નાના વાહનો એ.પી.એમ.સી. માંથી બહાર નિકળવા માટે એ.પી.એમ.સી.નાં પૂર્વ બાજુનાં દરવાજાનો ઉપયોગ કરશે.

અન્ય નાના વાહનો (લાઈટ વિહીકલ) માટે ડાયવર્ઝન આપી વૈકલ્પિક રસ્તાની વિગત:-

(૧) મજરા ચોકડી તરફથી તલોદ આવતા નાના વાહનો (લાઈટ વિહીકલ) માટે તલોદ મજરા રોડ ઉપર આવેલ મહિયલ ચોકડીથી મહિયલ ગામમાં તલોદ કોલેજ થઈ કેશરપુરા પાટીયા થઈ તલોદ ટી.આર.ચોકડી તરફનો રસ્તો

(૨) ધનસુરા તરફથી મજરા તરફ જતા નાના (લાઈટ વિહીકલ) તલોદ ટી. આર.ચોકડી થઈ કેશરપુરા પાટીયા થઈ તલોદ કોલેજ રોડ થઈ મહિયલ ગામમાં થઈ મહિયલ ચોકડી થઈ મજરા ચોકડી તરફ જશે.

તલોદ એસ.ટી.કંટ્રોલ ખાતે આવતી જતી એસ.ટી.બસો માટે વૈકલ્પિક રસ્તાની વિગત:-

(૧) તલોદ એસ.ટી.કંટ્રોલ ખાતે આવતી/જતી એસ.ટી.બસો મહિયલ ચોકડીથી મહિયલ ગામમાં થઈ તલોદ કોલેજ થઈ કેશરપુરા પાટીયા થઈ તલોદ ટી.આર.ચોકડીવાળા રોડનો ઉપયોગ કરશે.

-:: જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો ::-

આ હુકમ તા. ૪/૧૨/૨૦૨૫ના કલાક ૦૦-૦૦ થી તા. ૦૨/૦૬/૨૦૨૬ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે. (બંને દિવસો સહિત ૧૮૦ દિવસો માટે)

- :: જાહેરનામા મુજબ પ્રતિબંધિત કૃત્યો ::-

પ્રતિબંધિત વિસ્તારમાં તમામ પ્રકારના વાહનો તેમજ રાહદારીઓની અવર-જવર ઉપર પ્રતિ ફરમાવવા હુકમ કરવામા આવે છે.

-:: જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ ::-

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ ઉપરાંત ઉપરના ભારે વાહનોના વૈકલ્પિક રસ્તા ઉપર નીચે જણાવેલ સ્થળોએ સાઈનબોર્ડ- બેરીકેડસ-હેલોઝન લાઈટ જે તે કોન્ટ્રાક્ટર/ ગુજરાત શહેરી વિકાસ મિશન કંપની, ગાંધીનગર તરફથી લગાડવાની વ્યવસ્થા કરાવવાની રહેશે.

ઉપરોક્ત વૈકલ્પિક વ્યવસ્થાના સુચારુ અનુપાલન માટે હરસોલ ચોકડી-વાવડી ચોકડી-કેશરપુરા પાટીયા-મહિયલ ગામ-મહિયલ ચોકડી ઉપર સાઈન બોર્ડ લગાડવા તથા આ સ્થળોએ બેરીકેડસ મુકવાની વ્યવસ્થા કરવાની રહેશે તેમજ ઉપરોકત સ્થળોએ અને ચાર રસ્તા પર યોગ્ય હેલોઝન લાઈટની વ્યવસ્થા કરવાની રહેશે. સાથે સાથે મહિયલ ગામમાં આવેલ વળાંકમાં સી.સી.ટી.વી.કેમેરા લગાડવાની વ્યવસ્થા કરવાની રહેશે.

આજ તા૦૪થી ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ,
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા, હિંમતનગર

આમુખ:

(૧) SR.Section Engg.(P.Way), himatanagar' s letter No.W/9D/HMT, Dt.05/12/2025

(૨) પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાના તા.૦૬/૧૨/૨૦૨૫ના પત્ર ક્રમાંક:ટ્રાફિક/રેલ્વે ફાટક નં.૮૬/રોડ ડાયવર્ઝન/અભિપ્રાય/ ૨૨૫૩/ ૨૦૨૫

(૩) ચીફ ઓફિસરશ્રી, હિંમતનગર નગરપાલિકા, તા.હિંમતનગરના તા.૦૬/૧૨/૨૦૨૫ના પત્ર જા.નં.હિંનપા/ટી.પી./અભિપ્રાય/૫૨૯૭/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી),૩૩(૧)(સી) અન્વયે વાહન વ્યવહાર નિયમન અંગેનું.

નં.પી.ઓ.એલ.-૨/૨સ્તો/ડાયવર્ઝન/જાહેરનામું/વશી/૧૭૭૮(૧)/૨૦૨૫.-આમુખ-(૧)ના પત્રથી વિગતે વિગતે હિંમતનગરથી ખેડબ્રહ્મા વિભાગના હિંમતનગર-ઈડર વચ્ચે LC-86/A @ 6/1-2 (મહેતાપુરા ફાટક)ના નવીનીકરણના કામે તા.૦૮/૧૨/૨૦૨૫ના સવારે ૦૯:૦૦ કલાક થી તા.૦૯/૧૨/૨૦૨૫ના રાત્રે ૦૯:૦૦ કલાક સુધી બે દિવસ માટે રસ્તો બંધ કરવાની અને ડાયવર્ઝન આપવાની પરવાનગી આપવા માંગણી કરેલ છે.

આમુખ-(૨)થી પોલીસ અધિક્ષકશ્રીના અભિપ્રાય મુજબ હિંમતનગર-ઈડર વચ્ચે LC-86/A @ 6/1-2 (મહેતાપુરા ફાટક)ના નવીનીકરણના કામે તા.૦૮/૧૨/૨૦૨૫ના સવારે ૦૯:૦૦ કલાક થી તા.૦૯/૧૨/૨૦૨૫ના રાત્રે ૯:૦૦ કલાક સુધી કામચલાઉ રસ્તો બંધ કરવા અને ડાયવર્ઝન આપવા સંબંધે વાહનવ્યવહાર હિંમતનગર એન.જી.સર્કલથી આર.ટી.ઓ. સર્કલ થઈને બાયપાસ રોડ થઈ ઈડર, ખેડબ્રહ્મા તરફ તેમજ ઈડર,ખેડબ્રહ્મા તરફથી આવતા વાહનોને વિરપુર હિંમતનગર બાયપાસ રોડ થઈ આર.ટી.ઓ. સર્કલ હિંમતનગર થઈને સીધા બાયપાસ રોડેથી મોતીપુરા સર્કલ તરફ અથવા હિંમતનગર આર.ટી.ઓ.સર્કલથી હિંમતનગર અને.જી.સર્કલ તરફ વાહનો ડાયવર્ઝન કરી હિંમતનગર શહેરમાં પ્રવેશ આપવામાં આવે તો ટ્રાફિક અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ ખોરવાય તેમ ન હોવાનું જણાવી જાહેરનામું પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે. અને આમુખ-(૩) થી ચીફ ઓફિસરશ્રી હિંમતનગર નગરપાલિકાના રજુ થયેલ અભિપ્રાય મુજબ સીમા ચિહન તથા સાઈન બોર્ડ બનાવી સ્થળ ઉપર આવતા-જતા ઈસમો જોઈ શકે તે રીતે લગાડયા બાદ રસ્તો બંધ કરવા અને ડાયવર્ઝન આપવા વાંધા સરખુ નથી.

વાસ્તે, વિગતે હિંમતનગરથી ખેડબ્રહ્મા વિભાગના હિંમતનગર-ઈડર વચ્ચે LC-86/A @ 6/1-2 (મહેતાપુરા ફાટક)ના નવીનીકરણના કામે એન.જી.સર્કલ થી હિંમતનગર-ઈડર બાયપાસ રોડ બંધ કરી નીચે દર્શાવેલ વૈકલ્પિક રસ્તાના ઉપયોગ માટે અત્રેથી જાહેરનામું પ્રસિધ્ધ કરવું આવશ્યક જણાય છે. જેથી તા.૦૮/૧૨/૨૦૨૫ના સવારે ૦૯:૦૦ કલાક થી તા.૦૯/૧૨/૨૦૨૫ના રાત્રે ૯:૦૦ કલાક સુધી નીચે દર્શાવેલ વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

સબબ, હું લલિત નારાયણ સિંઘ સાંદુ (આઈ.એ.એસ.) કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (બી) તથા ૩૩ (૧) (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું.

-:: જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર ::-

એન.જી.સર્કલ થી હિંમતનગર-ઈડર બાયપાસ(LC-86/A @ 6/1-2 (મહેતાપુરા ફાટક))

-:: વૈકલ્પિક રસ્તાનો રૂટ ::-

(૧) હિંમતનગર એન.જી.સર્કલથી હિંમતનગર આર.ટી.ઓ.સર્કલ થઈ હિંમતનગર બાયપાસ રોડ થઈ ઈડર, ખેડબ્રહ્મા તરફ જવાનું રહેશે.

(૨) ઈડર, ખેડબ્રહ્મા તરફથી આવતા વાહનો વિરપુર હિંમતનગર બાયપાસ રોડ થઈ આર.ટી.ઓ. સર્કલ હિંમતનગર થઈને સીધા બાયપાસ રોડેથી મોતીપુરા સર્કલ તરફ અથવા હિંમતનગર આર.ટી.ઓ. સર્કલથી હિંમતનગર અને.જી.સર્કલ તરફ વાહનો ડાયવર્ઝન કરી હિંમતનગર શહેરમાં પ્રવેશ કરવાનો રહેશે.

-:: જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો ::-

આ હુકમ તા. ૦૮/૧૨/૨૦૨૫ના સવારે ૦૯:૦૦ કલાક થી તા.૦૯/૧૨/૨૦૨૫ના રાત્રે ૯:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

- :: જાહેરનામા મુજબ પ્રતિબંધિત કૃત્યો ::-

પ્રતિબંધિત વિસ્તારમાં તમામ પ્રકારના વાહનો તેમજ રાહદારીઓની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરવામા આવે છે.

-:: જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ ::-

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

સિનિયર સેકશન એન્જીનીયર, પશ્ચિમ રેલવે, હિંમતનગર દવારા પ્રતિબંધિત વિસ્તાર તેમજ વૈકલ્પિક રૂટ અંગેના જરૂરી સાઈન બોર્ડ લગાડવાના રહેશે.

આજ તા૦૬ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ,
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા, હિંમતનગર

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.01.06 11:28:23 IST